## સારાંશ

## ટીપીએલ-ડી(એ) દ્વારા (કેસ નંબર ૨૧૭૯/૨૦૨૩) માનનીય જીઇઆરસી સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લીમીટેડ – અમદાવાદ/ ગાંધીનગર સપ્લાય એરિયા

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી(એ) એ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનું ટ્રુઇંગ-અપ અને નિયંત્રીત /અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા/ નુકશાનની વહેંચણી

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆરનું નિર્ધારણ

૩. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાદ્ય/પુરાંતનું નિર્ધારણ

૪. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિજદરનું નિર્ધારણ

### નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટીપીએલ-ડી(એ) ના એઆરઆરની મંજુરી તા.૩૧ માર્ચ, ૨૦૨૧ ના ઓર્ડર (કેસ નંબર ૧૯૨૬/૨૦૨૧) દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના અનુમાનો પર આધારિત હતી. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડી(એ) એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬, મુજબ માનનીય કમિશનના તા.૩૧ માર્ચ, ૨૦૨૧ ના ઓર્ડરના (કેસ નંબર ૧૯૨૬/૨૦૨૧) આધારે ટ્રુ અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડી(એ) એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધા છે:

a) વીજળીની ખરીદીના મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમા થતો બદલાવ.

b) ફીક્સડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ.

c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા /નુકશાનની વહેંચણી.

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વીજળીની જરુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ

વિતરણ લોસ પર આધારિત છે. અમદાવાદ પુરવઠા વિસ્તારનુ વેચાણ ૭૬૮૩.૬૯ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૪.૧૭ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુઅપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને તા.૩૧ માર્ચ ૨૦૨૧ ના ઓર્ડરમાં (કેસ નંબર ૧૯૨૬/૨૦૨૧) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને મિશ્રણમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ, તે એઆરઆરમા લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રિત છે અને તેને લીધે થતા ફાયદાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં ઉલ્લેખવામાં આવેલ ફાયદા/નુકસાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ગણતરીમાં લેવામા આવેલ છે. અમદાવાદના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં ઘટેલ છે. આવા લોસમા થયેલા ઘટાડાને કારણે થયેલ ફાયદાની વહેંચણી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવેલ છે.

૧.૭ અમદાવાદ સપ્લાય વિસ્તારના ફીક્સડ ખર્ચાઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુઅપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે ફાયદા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુઅપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઅપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારનું ટ્રુ-અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૫૧૩૩.૫૬ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | (૬૪૩.૯૬) |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (સી) | ૧૦૩.૩૫ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૬૦૯.૫૧ |
| ટ્રુઅપ એઆરઆર | ઇ= એ+ડી | ૫૭૪૩.૦૭ |

૧.૮ ટીપીએલ-ડી(એ) જણાવે છે કે માનનીય કમિશનના ૩૧ માર્ચ, ૨૦૨૧ અને ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ ના ઓર્ડર મુજબ અગાઉના વર્ષોની મંજુર કરેલ ખાધ/(પુરાંત)ની વસૂલાત પેટે રુ ૨૮૯.૩૯ કરોડ ધ્યાને લીધેલ છે.

૧.૯ નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

કોષ્ટક ૨: નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૫૭૪૩.૦૭ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૫૬૫૨.૦૫ |
| બાદઃ અગાઉના વર્ષોના મંજૂર ખાધ/(પુરાંત)ની વસૂલાત થી થયેલ આવક | ૨૮૯.૩૯ |
| **બાકીની આવક** | **૫૩૬૨.૬૬** |
| | |
| ખાધ/(પુરાંત) | ૩૮૦.૪૧ |

૧.૧૦ ટીપીએલ-ડી(એ) એ માનનીય કમિશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને તા.૨૦ ઓકટોબર, ૨૦૨૨ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ ટીપીએલે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ અનુસાર અમદાવાદ/ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆર નીચેના અનુમાનો પર આધારિત છેઃ

એ) પાછલા દાયકાની સરખામણીમાં મંદ પડેલા વૃદ્ધિદરને ધ્યાને લઇ વીજ વેચાણ અંદાજવામાં આવેલ છે. ઔદ્યોગિક એકમોનું વ્યવસાયિક એકમમાં રૂપાંતર અને પર્યાવરણના નીયમો તથા તેને સંબંધિત ખર્ચને અનુલક્ષીને વીજ વેચાણ પર અસર થયેલ છે. વધુમાં, રુફટોપ સોલર ની વીજ વેચાણ પરની નકારાત્મક અસરને પણ ધ્યાને લીધેલ છે. તે મુજબં, ટીપીએલએ ઐતિહાસિક વલણો અને વર્તમાન વિકાસ ને ધ્યાને રાખીને વીજ વેચાણના અંદાજો રજુ કરેલ છે.

બી) જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં નિર્ધારિત કરેલ સિધ્ધાંતો તેમજ અગાઉ ના આદેશો ને ધ્યાને લઇ, અમદાવાદ સપ્લાય એરિયા માટે વીજ વિતરણ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચ ધ્યાને લીધેલ છે.

સી) વીજ જરુરીઆત ટીપીએલ-જી(એપીપી), સુજેન/ઉનોસુજેન, પુન:પ્રાપ્ય (રિન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો, દ્વિપક્ષીય કરાર અને પાવર એક્ષચેન્જ દ્વારા પૂરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) રીન્યુએબલ પરચેઝ ઓબ્લીગેશન (આરપીઓ) કરાર આધારીત રીન્યુએબલ સ્ત્રોતોમાંથી વીજ ખરીદી કરીને તેમજ રુફટોપ સોલરનાં ઉત્પાદન થકી પાર કરવાનું પ્રસ્તાવિત કરેલ છે.

ઇ) અમદાવાદ સપ્લાય એરિયા માટે મૂડી ખર્ચ યોજનાઓમાં ઇએચવી યોજનાઓ, એચટી નેટવર્ક યોજનાઓ, એલટી નેટવર્ક યોજનાઓ, મીટરિંગ, અને વીજ પુરવઠા કેન્દ્રો, તેમજ ખાસ યોજનાઓ જેમકે એએમઆઇ, આઇટી, અને કોમ્યુનીકેશન, વગેરે નો સમાવેશ થાય છે.

એફ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી લાગુ પડતા રેગ્યુલેશન્સ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૩ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમદાવાદ સપ્લાય એરિયા માટે નિર્ધારિત એઆરઆર નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારના એઆરઆર**

| રુ.કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|
| પાવર પરચેઝ | ૫૩૪૩.૦૯ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૪૨૩.૮૬ |
| ઘસારો | ૩૬૪.૦૪ |
| વ્યાજ ખર્ચ | ૨૩૪.૨૯ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| સીક્યુરીટી ડીપોસીટ પર વ્યાજ | ૪૪.૦૨ |
| ઘાલખાધ | ૪.૬૯ |
| કન્ટીજન્સી રીઝર્વ | ૦.૬૦ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૩૮૮.૧૯ |
| આવક વેરો | ૪૬.૪૭ |
| બાદ: બિન-ટેરિફ આવક | ૫૫.૧૫ |
| એઆરઆર | **૬૭૯૪.૧૧** |

**નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેની ખાધ /(પુરાંત):**

૧.૧૪ વિવિધ કેટેગરી ના ગ્રાહકો માટે વીજ વેચાણથી થતી આવકની ગણતરી, વીજ વેચાણ, હાલનો વિજદર તેમજ એફપીપીપીએ ને ધ્યાનમાં રાખીને, જે તે કેટેગરી માટે નિર્ધારિત કરેલ ફોર્મેટ માં દર્શાવેલ છે.

૧.૧૫ ટીપીએલ-ડી(એ) વધુમાં જણાવે છે કે માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના ટ્રુ-અપ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ના ટેરિફ ઓર્ડર માં રુ ૪.૮૮ પ્રતિ યુનીટના બેઝ વીજ ખરીદ ખર્ચ અને રુ ૨.૦૨ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ મંજુર કરેલ છે. મંજુર કરેલ

એફપીપીપીએ ફોર્મ્યુલા મુજબ ત્રીમાસીક ધોરણે, રૂ ૪.૮૮ પ્રતિ યુનીટના વીજ ખરીદ ખર્ચ ની સરખામણીમાં વર્ષ દરમિયાન વીજ ખરીદી ખર્ચમાં થયેલ કોઇ પણ વધારો, રૂ.૨.૦૨ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ ઉપરાંત ના એફપીપીપીએ દ્વારા વસૂલવા માં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના અંદાજીત એઆરઆર મુજબ, સરેરાશ વીજ ખરીદી ખર્ચ રૂ. ૬.૧૦ પ્રતિ યુનીટ થાય છે. જ્યારે વર્તમાન બેઝ વિજ ખરીદ ખર્ચ રૂ.૪.૮૮ પ્રતિ યુનીટ છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૧.૨૨ પ્રતિ યુનીટ ના વધારાની વીજ ખરીદી ખર્ચ અનુસાર રૂ ૩.૨૪ પ્રતિ યુનીટના સુધારેલા બેઝ એફપીપીપીએ દ્વારા વસૂલવામાં આવશે. માટે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ની અંદાજીત આવક રૂ ૩.૨૪ પ્રતિ યુનીટના સુધારેલા એફપીપીપીએ ને ધ્યાને લઇ ગણવા માં આવેલ છે. તે મુજબ, વિજ વેચાણ ની અંદાજિત આવક નીચે મુજબ છેઃ

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં પાવરના વેચાણમાંથી આવક**

| રૂ.કરોડમાં | |
|---|---|
| અમદાવાદ પુરવઠા વિસ્તાર | ૬૯૩૭.૨૪ |

૧.૧૬ રૂ ૩.૨૪ પ્રતિ યુનીટના એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવક અને ઓપન એક્સેસ ગ્રાહકોથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૬૭૯૪.૧૧ |
| બાદ : | |
| વર્તમાન વીજદર સાથેના રૂ.૩.૨૪ પ્રતિ યુનીટ ના એફપીપીપીએ સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૬૯૩૭.૨૪ |
| ઓપન એક્સેસ ચાર્જીથી થતી આવક | ૧૧.૫૨ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **(૧૫૪.૬૬)** |

ટીપીએલ-ડી(એ) એ માનનીય કમિશનને ઉપરોક્ત પ્રસ્તાવીત ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૭ ટીપીએલ-ડી(એ) એ તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર ડીએસએમ યોજના બનાવીને માનનીય

કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને અમદાવાદ સપ્લાય વિસ્તાર માટે રુ.૪.૪૫ કરોડ મંજુર કરેલ છે. આ બાબતે, ટીપીએલડી(એ) એ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રુ.૦.૨૨ કરોડનો ખર્ચ કરેલ છે. ટીપીએલ-ડી(એ) એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ થી શરૂ થતા સમયગાળા માટેની ડીએસએમ યોજના માટે માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત કરશે.

૧.૧૮ ટીપીએલ-ડી(એ) એ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનને તારવેલ કેરીંગ કોષ્ટ સહીત ઉપરોકત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૯ ઉપરોકત મુજબ તારવેલ કુલ ખાધ/(પુરાંત) ને નીચેનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬: નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના દર નિર્ધારણ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| **રુ.કરોડમાં** | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ખાધ/(પુરાંત) | ૩૮૦.૪૧ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૭૩.૨૪ |
| ડીએસએમ | ૦.૨૨ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની ખાધ/(પુરાંત) | (૧૫૪.૬૬) |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૨૯૯.૨૦** |

રુ.૨૯૯.૨૦ કરોડની સંચિત ખાધ/(પુરાંત) ની વસૂલાત માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન વીજદર વધારવાની જરૂર પડી હોત. જો કે, ટીપીએલ-ડી(એ) આ સંચિત ખાધ/(પુરાંત)ની વસૂલાત તા. ૧ એપ્રીલ ૨૦૨૩ થી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રુ. ૦.૩૭ પ્રતિ યુનીટના રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૨૦ ટીપીએલ-ડી(એ) એ જણાવે છે કે ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ-ડી(એ) તેનો ખર્ચ કાર્યક્ષમતા ના સુધારા મારફતે પ્રબંધ કરી રહ્યું છે. નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સૂચિત ઉપરોક્ત ભાવ વધારો, ટીપીએલ-ડી(એ) ને ખાધની વસૂલાત કરવા અને ટીપીએલ-ડી(એ) ને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયતા અને ગ્રાહક સેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા અનિર્વાય છે.

૧.૨૧ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ/ કેરીંગ કોષ્ટને ટીપીએલ-ડી(એ) એ વધારાનો રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૧૩ ટીપીએલ-ડી(એ) જણાવે છે કે તેમને તેના લાઇસન્સ વિસ્તારોમાં "ગ્રીન ટેરિફ" પ્રસ્તુત કરવા અંગેની રજૂઆતો પ્રાપ્ત થયેલ છે. પરંતુ માનનીય કમીશન દ્વારા "ગ્રીન ટેરિફ" ગણવા માટેની ચોકસ પદ્ધતી નિર્દિષ્ટ કરવામાં આવનાર છે. આથી, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે, ટીપીએલ-ડી(એ) એ

રૂ.૧.૫૦ પ્રતી યુનીટ ના વધારાના વીજદરે વૈકલ્પિક “ગ્રીન ટેરિફ”ની દરખાસ્ત કરેલ છે.